એસ.ટી. ડેપોમાંથી મુસાફરનું પાકીટ સેરવી લેનાર શખ્સ ઝડપાયો

રમકડા વેચવાનું તરકટ કરીને બસમાં ધક્કામુક્કી કરી પીક પોકેટીંગ કરી લેતો હતો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર એસ.ટી. ડેપો પીક પોકેટર્સ માટે જાણે મોટુ ગ્રાઉન્ડ બની ગયું હોય તેમ દર આંતરે દિવસે એક-બે મુસાફરોનું ખીસ્સુ સાફ કરી પીક પોકેટર્સ હાથ સફાઈ કરી લે છે. એસ.ટી. ડેપો કંટ્રોલમાં બેસતી એક્ટીવ ટીમે આવા શકમંદો પર નજર રાખીને અત્યાર સુધી ઘણા પીક પોકેટર્સને રંગેહાથ પકડ્યા અને પોલીસને સોંપ્યા છે. આજે વધુ એક પીક પોકેટરને રંગે હાથ ઝડપી પાડીને મુસાફરો તથા ડેપોની ટીમે સે. ૭ પોલીસને સોંપતા પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં સરખેજ જતી બસમાં ચઢી રહેલા એક મુસાફરના ખીસ્સામાંથી રૂપિયા ભરેલુ પાકીટ સેરવી લેનાર એક ખિસ્સા કાતરૂ શખ્સને મુસાફરો તથા ડેપોની ટીમે પકડી પાડ્યો હતો. રમકડા વેચવાના બહાને ફેરીયો બનીને આવતો અમદાવાદ સાબરમતી પાવરહાઉસ છાપરા વિસ્તારનો રહેવાસી વિજય ઊર્ફે વિનોદ બાબુ દંતાણી ખિસ્સામાંથી પાકીટ ખેંચતા પકડાઈ જતાં સે. ૭ પોલીસને હવાલે કરવામાં આવ્યો છે. પોલીસે તેની સામે ગુનો દાખલ કરીને ઊંડી પુછપરછ શરૂ કરી છે.

ગાંધીનગરમાં જલારામ બાપાની જન્મ જયંતિ ધામધૂમથી ઉજવાશે

શોભાયાત્રા, અન્નકુટ દર્શન, મહાઆરતી સહિતના કાર્યક્રમો સે. ૨૯ જલારામ મંદિરે યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

નગરના સેક્ટર-૨૯ માં આવેલ

જલારામ સેવા સમાજ જલારામ બાપાની ૨૧૫મી જન્મજયંતિની ઉજવણી ધામધૂમપૂર્વક કરશે. દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

તા. ૩૦ ઓક્ટોબર કારતક સુદ-૭ ગુરૂવારના દિવસે જલારામ સેવા સમાજ વિરપુરવાળા બાપાની જન્મ જયંતિ મનાવશે. જલારામ બાપાની સવારે ૬ વાગે અખંડ ધૂન બોલાવી વાતાવરણને ભક્તિમય બનાવશે. સવારે ૮.૦૦ વાગ્યાથી બેન્ડવાઝા સાથે નગરના માર્ગો પર શોભાયાત્રા નિકળશે.

ભક્તિમય વાતાવરણમાં ઠેર ઠેર શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવશે. જે સેક્ટર-૭ સૌરાષ્ટ્ર પટેલ વાડી સ્થિત ભોજલરામ મંદિર ખાતેથી બપોરે ૧.૦૦ વાગે નીજ મંદિરે પરત ફરશે. પૂ. જલારામ બાપાની સવારે ૮.૩૦ વાગે પૂજનવિધિ પણ કરવામાં આવશે. તેમજ સાંજે ૪.૦૦ વાગે જલારામ બાપાને વિવિધ પ્રકારની વાનગીઓનો અન્નકુટનો ભોગ ધરાવવામાં આવશે. ત્યારબાદ સાંજે ૬.૪૫ વાગે મહાઆરતી કરવામાં આવશે. આ મહાઆરતીના દર્શન કરવા નગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

જલારામ સેવા સમાજ દર વર્ષે ગાંધીનગરથી વીરપુર પદયાત્રાનું આયોજન કરે છે ત્યારે ચાલુ વર્ષે પણ પદયાત્રામાં જતા ભક્તોનું સાંજે ૭.૦૦ વાગે મંદિર પરિસરમાં અભિવાદન કરવામાં આવશે. તેમજ યોગેશભાઈ દક્ષિણી અને સાથી કલાકારો ભજન-કીર્તનથી ભાવિ ભક્તોને રસ તરબોળ કરશે. ત્યારે જલારામ બાપાની ૨૧૫મી જન્મ જયંતિમાં નગરની જનતાને સહભાગી થવા સેવા સમાજે આમંત્રણ પાઠવ્યું છે.

આજે વાવોલ ભાગવત કથામાં જીતુભાઈ દ્વારકાવાળાનો હાસ્ય દરબાર યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના વાવોલ ખાતે રામધામ પ્રેરિત શ્રી ૧૦૮ શ્રીમદ્ ભાગવત કથા પ્રેમયજ્ઞમાં તા. ૨૯મી ઓક્ટોબરે રાત્રે મશહુર હાસ્ય કલાકાર જીતુભાઈ દ્વારકાવાળાનો કાર્યક્રમ યોજાશે. આ ભાગવત કથામાં કપિલ પ્રાગટ્ય અને વારાહ પ્રાગટ્યના પ્રસંગો રજુ કરાશે. આ ભાગવત કથા સપ્તાહનો આજથી શુભારંભ થયો હતો. જેમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાવિકોએ કથાનું રસપાન કર્યું હતું.

કથાકાર મધુસૂદનદાસ બાપુની વ્યાસપીઠએ આયોજિત આ શ્રીમદ્ ભાગવત કથા પ્રેમયજ્ઞમાં બીજા દિવસે બુધવારે કપિલ પ્રાગટ્ય અને વારાહ પ્રાગટ્યના પ્રસંગો આવરી લેવામાં આવનાર છે. આ ભાગવતકથા સપ્તાહ દરમ્યાન રાત્રે વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જે અંતર્ગત દ્વિતિય દિવસે જાણીતા લોકહાસ્ય કલાકાર ભાઈ ભાઈ ફેઈમ જીતુભાઈ દ્વારકાવાળા તેમની આગવી તળપદી લોકશૈલીમાં હાસ્યરસ પીરસશે. આ ભાગવત કથાના દ્વિતીય દિવસે તા. ૩૦મી ઓક્ટોબર ગુરૂવારે ધ્રુવ ચરિત્ર, હરિ પ્રાગટ્ય અને નૃસિંહ પ્રાગટ્ય (પ્રહલાદ ચરિત્ર)ના પ્રસંગો રજુ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ કથા સપ્તાહમાં વિવિધ સ્થળેથી દરરોજ અનેક સંતો-મહંતો અને મહામંડલેશ્વરો ઉપસ્થિત રહે છે.

જમીયતપુરા કેનાલમાં કુદીને બે સંતાનના પિતાનો આપઘાત

યુવાનનું બાઈક કન્ટેનર ડેપોથી અને ટી શર્ટ ઝાડીઓમાંથી મળી આવી

ગાંધીનગર, તા.૨૮

અમદાવાદ સીટીએમ ચાર રસ્તા નજીક રહેતા બે સંતાનના પિતાએ કોઈ અગમ્ય કારણોસર ગાંધીનગર નજીક જમીયતપુરા કેનાલમાં પડતું મુકીને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. મૃતક પરિણીત યુવાનનું બાઈક ખોડીયાર કન્ટેનર ડેપો પાસેથી અને ટી શર્ટ ઝાડીઓમાંથી મળી આવતા પોલીસે કબ્જે કરી અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ બહાર લાવવા અડાલજ પોલીસે તજવીજ શરુ કરી છે.

જમીયતપુરા નર્મદા કેનાલમાંથી ગઈ સાંજે એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે તપાસ કરતા મૃતદેહ અમદાવાદ સીટીએમ ચાર રસ્તા નજીક એક સોસાયટીમાં રહેતો અને મુળ જમીયતપુરાનો વતની ૨૮ વર્ષીય પરિણીત યુવાન ધવલ પટેલનો હોવાનું ધ્યાને આવ્યું છે. બે જોડીયા સંતાનોના પિતા ધવલ પટેલ ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા અને કોઈ કારણોસર તે ઘરેથી ચાલ્યા ગયા બાદ જમીયતપુરામાં પડતું મુકી દીધું હતું. પરિવારજનોને ઘરેથી સ્યુસાઈડ નોટ પણ મળી હોવાનું પોલીસને ધ્યાને આવ્યું છે. અડાલજ પોલીસે મૃતદેહ પીએમ કરાવીને પરિવારજનોને સોંપી આપઘાત કરવા પાછળનું રહસ્ય બહાર લાવવા તપાસ આરંભી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

પાલજમાં મહિલાને સાપે દંશ માર્યો

ચિલોડા, તા. ૨૮

ગાંધીનગર તાલુકાના પાલજ ગામે ઘનશ્યામસિંહ અરજણસિંહ બિહોલાના ખેતરમાં બોર પાસે ડાંગર ઝુડતી એક મહિલા કામદાર કૈલાસબેન વેલસંગ ડામોરને આજે સાપે દંશ માર્યો હતો. આ મહિલાને સારવાર અર્થે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આ બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે જાણવા જોગ અરજી દાખલ કરવામાં આવી છે.

૩૦મીએ સિવિલ ડિફેન્સની બેઠક મળશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ ડિફેન્સ એકમ (નાગરિક સંરક્ષણ દળ) ની માસિક બેઠક તા. ૩૦ ઓકટોબર ના રોજ સાંજે ૫-૦૦ વાગે સિવિલ ડિફેન્સ કચેરી ડૉ. જીવરાજ મહેતા ભવન જૂના સચિવાલય ખાતે મળશે. બેઠકમાં તમામ વોર્ડનો તેમજ પદાધિકારીઓને ઉપસ્થિત રહેવા ચીફ વોર્ડન અરૂણ બુચે જણાવ્યુ છે.

નગરના જાણીતા અગ્રણી સી.એલ. મહેતાના માતૃશ્રી સવિતાબેનનું નિધન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના જાણીતા અગ્રણી અને સામાજીક આગેવાન સી.એલ. મહેતાના માતૃશ્રીનું આજે સાંજે દુઃખદ અવસાન થયું છે.

સેક્ટર-૨૯માં પ્લોટ નંબર ૨૬૪, રોહન પેલેસ ખાતે રહેતા અને જાણીતા અગ્રણી અને બિલ્ડર સી.એલ. મહેતાના માતૃશ્રી સવિતાબેનનું આજે સાંજે ૪.૦૦ વાગ્યે અવસાન થયું છે. સ્વર્ગસ્થની અંતિમયાત્રા તા. ૨૯મી ઓક્ટોબર બુધવારે સવારે ૮.૦૦ વાગે નીકળશે.

લંડનમાં યોજાનારા વિશ્વ બ્રાહ્મણ કોન્ફરન્સમાં ભાગ લેવા અશ્વિન ત્રિવેદી રવાના

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના જાણીતા એડવોકેટ અને ઈન્ટરનેશનલ બ્રાહ્મણ પાર્લામેન્ટના નેશનલ સેક્રેટરી અશ્વિન ત્રિવેદી લંડન ખાતે યોજાનાર વિશ્વ બ્રાહ્મણ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે આજે રવાના થયા હતા. આ કોન્ફરન્સ તા. ૩૦મી ઓક્ટોબરથી તા. ૫મી નવેમ્બર દરમ્યાન લંડનના વેમ્બ્લી ખાતે યોજાનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ કોન્ફરન્સ દરમ્યાન બ્રાહ્મણ પાર્લામેન્ટ દ્વારા અશ્વિન ત્રિવેદીનું સન્માન કરવામાં આવનાર છે. જે ગાંધીનગરના બ્રાહ્મણ સમાજ માટે ગૌરવની વાત છે.

લાયસન્સ ધરાવતા કારખાનેદારો જોગ

ગાંધીનગર, તા. ૨૭

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના કારખાના ધારા-૧૯૪૮ હેઠળ લાયસન્સ ધરાવતા કારખાનેદારોને વર્ષ-૨૦૧૫ માટે લાયસન્સ તાજુ કરવાની અરજી તા. ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૪ પહેલા કરવાની રહેશે, તેવું ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગાંધીનગરના ડેપ્યુટી ડાયરેક્ટરશ્રીએ જણાવ્યું છે.

ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગાંધીનગરના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી એચ.બી. ત્રિવેદીએ વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના કારખાના ધારા-૧૯૪૮ હેઠળ લાયસન્સ ધરાવતા કારખાનેદારોએ વર્ષ-૨૦૧૫ માટે લાયસન્સ તાજુ કરવાની અરજી ફોર્મ નંહર-૩, જરૂરી ફી નુંચલણ તથા અસલ લાયસન્સ સાથે ડેપ્યુટી ડાયરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની કચેરી, સી-બ્લોક, પાંચમો માળ, સહયોગ સંકુલ, પથિકાશ્રમ પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે તા. ૩૧-૧૦-૨૦૧૪ પહેલા કરવાની રહેશે. કારખાનેદારોની સગવડ ખાતર જાહેર રજાના દિવસે પણ કચેરી ખુલ્લી રાખવામાં આવશે. રીન્યુઅલ અરજી જરૂરી બિડાણો સહિત પહોંચાડવાની રહેશે. તા. ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૪ પછી ૨૫ ટકા વધારાની ફી સાથે લાયસન્સ તાજુ કરવાની અરજી મોકલવાની રહેશે. લાયસન્સ તાજુ કરવાની અરજી વધુમાં વધુ પાંચ વર્ષ માટે કરી શકાય છે.

ગુલાબી ઠંડીનો ચમકારો રાત્રીએ શરૂ થઈ ગયો છે. રસ્તા પર બેસી સસ્તામાં ગરમ કપડાં વેચનારાઓ નગરમાં ઠેર ઠેર આવી ગયા છે. નગરજનો પણ ઠંડીથી રક્ષણ મેળવવા ગરમ કપડા ખરીદી કરી રહ્યા છે.

રખડતા કૂતરાઓના ત્રાસથી છુટકારો અપાવવા રજૂઆત

કૂતરાઓની વસ્તી નિયંત્રિત કરવા ખસીકરણનો અમલ કરવા માંગ : કોઈ જીવદયા સંસ્થાને જમીન ફાળવી કૂતરાઓ માટે પાંજરાપોળ ઉભા કરવા સૂચન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન (મેવા) દ્વારા નગરમાં રખડતા અને ગંદકી ફેલાવતા કૂતરાઓને પકડીને પાંજરાપોળમાં મુકવા અને આ કૂતરાઓની વસ્તી વધતી અટકાવવા ખસીકરણનો કાર્યક્રમ અમલમાં મુકવા મહાનગરપાલિકાના મેયર અને કમિશનરને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા રખડતા ઢોરોને પકડવાની ઝુંબેશને અભિનંદન આપવાની સાથે મેવા દ્વારા રખડતા કૂતરાઓના ત્રાસમાંથી નગરજનોને ઉગારવા માગણી કરવામાં આવી છે.

ગાંધીનગરમાં કોર્પોરેશન દ્વારા ગંદકી કરનારાઓને અને રખડતા ઢોરોને કાબુમાં લેવા અસરકારક કામગીરી આરંભાઈ છે. પરંતુ રખડતા કૂતરાઓના ત્રાસથી હજુ પણ નગરજનો ત્રસ્ત છે તેમાંથી મુક્તિ અપાવવાની તાતી જરૂરીયાત જણાઈ રહી છે. આ રખડતા કૂતરાઓ નગરજનોના ઘર પાસે કુદરતી હાજતો કરી ગંદકી ફેલાવે છે. જેના કારણે રોજગન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધે છે. વળી રાત્રીના સમયે ખૂબજ મોટા અવાજે ભસીને નગરજનોની નિંદ્રામાં ખલેલ પહોંચાડે છે અને મોડી રાત્રે રડીને વાતાવરણને ભયજનક બનાવે છે. ઘણી જગ્યાએ તો આ કૂતરાઓ દિવસ દરમ્યાન સાઈકલ કે સ્કૂટરની પાછળ દોડીને ભસીને ચાલકને માટે ત્રાસ ઉભો કરે છે. જેના કારણે અકસ્માત થવાનો ભય રહેલો છે. સેક્ટર-૫-બી માં તાજેતરમાં નવા નવા કૂતરાઓ દેખાઈ રહ્યા છે. આમ કૂતરાઓની વસ્તી ફૂદકે ને ભૂસકે વધી રહી હોઈ ગીરના સિંહોની જેમ તેમની પણ વસ્તી ગણતરી કરી વસ્તી નિયંત્રણ માટે ખસીકરણનો કાર્યક્રમ અમલમાં મુકવા મેવા દ્વારા માંગ કરવામાં આવી છે.

અગાઉ કૂતરાઓમાં ચામડીનો રોગ ફેલાયેલો તે બાબતે પણ મેવા દ્વારા રજૂઆત કરાઈ હતી પરંતુ કોઈ પગલાં લેવાયા નહોતા. કૂતરાઓની ગમે ત્યાં વાહનો અને મકાનોના કોર્નર પર પેશાબ કરવાની આદથી પણ ગંદકી ફેલાતી હોય સત્વરે આ રખડતા કૂતરાઓને નિયંત્રણમાં લેવા મહાનગર પાલિકાના મેયર અને કમિશનર સમક્ષ મેવા દ્વારા પત્ર લખીને માંગ કરવામાં આવી છે. આ કૂતરાઓને પકડીને પુરવા માટે કોઈ જીવદયા સંસ્થાને જમીન ફાળવી પાંજરાપોળની વ્યવસ્થા કરવા પણ મેવા દ્વારા સૂચન કરવામાં આવ્યું છે.

હવેથી સીટ બેલ્ટ અને હેલ્મેટ વગર વાહન હંકારતા ચાલકોની ખેર નથી

પોલીસ વિભાગના વાહનો ચલાવતા કર્મચારીઓએ ફરજીયાત પાલન કરવું પડશે : ડી.જી.એ આદેશ કર્યો

ગાંધીનગર, તા.૨૮

આગામી ૬ નવેમ્બરથી ૨૦ નવેમ્બર દરમિયાન પોલીસ ટ્રાફીક એવેરનેશ સપ્તાહની ઉજવણી કરશે. રાજયમાં અનઅધિકૃત રીતે સરકારી વાહનો પરથી લાલ પીળી લાઈટો દુર કર્યા બાદ પોલીસ હવે સીટ બેલ્ટ અને હેલ્મેટ પણ જાતે પહેરશે. ત્યાર બાદ વાહનચાલકોને ફરજીયાત પહેરાવશે.

હવેથી હેલ્મેટ અને સીટ બેલ્ટ લગાવ્યા વિનાના વાહન ચાલકોની ખેર નથી કારણ કે પોલીસ અધિક્ષકે પહેલા તમામ થાણાના ઈન્ચાર્જને પરિપત્ર મોકલી કાયદાને ફરજીયાત બનાવવા જણાવ્યું છે. જે માટે પહેલા પોલીસ વિભાગને ફરજીયાત હેલ્મેટ અને સીટ બેલ્ટ બાંધવા હુકમ કર્યો છે.

જિલ્લામાં ૬ નવેમ્બરથી ૨૦ નવેમ્બર દરમિયાન પોલિસ ટ્રાફિક અવેરનેશ સપ્તાહની ઉજવણી કરી રહ્યું છે જેમાં પ્રથમ પોલીસ કાયદાનું પાલન કરશે ત્યારબાદ વાહન ચાલકોને કાયદાનું પાલન કરાવશે. તેમજ જ કોઈ પોલીસ વિભાગનો કર્મચારી સીટબેલ્ટ અને હેલ્મેટ વિના વાહન હંકારશે તો પોલીસ પણ દંડાશે જેનું સુપરવિઝન થાણાના ઈન્ચાર્જે કરવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત હાઈકોર્ટે અન અધિકૃત સરકારી વાહનો ઉપરથી લાલ-લીલી, પીળી લાઈટો દુર કરવાનો હુકમ કર્યો છે અને તેનું પાલન પણ કરાવવામાં આવી રહ્યું છે. તેમજ ચિતરામણી નંબર પ્લેટોવાળા વાહનોના માલિકોને પણ શિક્ષાત્મક દંડ કરવામાં આવ રહ્યો છે. હવેથી પોલીસે પોતે સરકારી હુકમનું પાલન કરશે અને કરાવશે જો આમ છતાં વાહનચાલકો સુધરશે નહિ તો તેવા ચાલકોની ખેર નથી.

ટ્રકની પાછળ મુસાફરો ભરેલી લકઝરી ઘુસી જતા એકનું મૃત્યુ

ચિલોડા પાસે ડ્રાઈવર ટ્રક ઉભી રાખીને ચા પીવા ગયો ને પાછળથી બેફામ ગતિએ આવતી લકઝરી ધડાકાભેર ઘુસી ગઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીકથી પસાર થતા હિંમતનગર-ચિલોડા હાઈવે પર ચિલોડા પાસે ડ્રાઈવર ટ્રક સાઈડમાં પાર્ક કરીને ચા પીવા ગયો ત્યાં પાછળથી બેફામ ગતીએ આવતી મુસાફરો ભરેલી લકઝરીએ ટ્રકને પાછળથી ટક્કર મારતા લકઝરીમાં સવાર એક મુસાફરનું કરૂણ મૃત્યુ નિપજ્યું છે. જ્યારે એક મહિલા મુસાફરને ગંભીર ઈજાઓ થવા પામી છે. ચિલોડા પોલીસે આ અકસ્માતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

રાજસ્થાન ઉદેપુરથી મુસાફરો ભરીને લકઝરી બસ નં. આર.જે.-૨૭-પી.એ.૯૭૭૯ ચિલોડા હાઈવે થઈને અમદાવાદ તરફ જઈ રહી હતી. ચિલોડા સર્કલ પાસે ન્યુ પટેલ હોટલની સામેના વિસ્તારમાં એક ટ્રક નં. આર.જે.૧૪-જે.એમ.-૮૭૬૦ નો ડ્રાઈવર ટ્રક પાર્ક કરીને ચા પીવા ગયો હતો. આ ઉભેલી ટ્રકની

પાછળ રાજસ્થાનથી આવતી લકઝરી ધડાકાભેર ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં લકઝરીમાં સવાર મુસાફરો પૈકી એકનું મોત અને એક મહિલા મુસાફરની હાલત ગંભીર થવા પામી છે. ઉદેપુરના મુસાફર ૨૪ વર્ષિય પ્રભુલાલ મદનલાલ મેઘવાલનું મૃત્યુ થવા પામ્યું છે. ચિલોડા પોલીસે મૃતદેહ પીએમ કરાવી ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. એસ.જે. મકવાણાએ વધુ તપાસ આરંભી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૨
સૂર્યાસ્ત : ૬.૦૩

તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૪૯ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૨.૩૦, ૬.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦, ૧.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦
હૈદર : ૪.૩૦
પ્યારવાલી લવસ્ટોરી (મરાઠી) : ૭.૩૦
બેંગ બેંગ : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૬ :
હેપ્પી ન્યુ ઈયર : ૬.૩૦
બેંગ બેંગ : ૧૦.૦૦
હૈદર : ૪.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૯.૩૦, ૧.૦૦, ૪.૧૫, ૭.૩૦, ૧૦.૪૫

સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦, ૨.૧૫, ૬.૦૦, ૯.૩૦

આપની આજ

મેષ : તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

વૃષભ : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વધુ પ્રયત્ન કરવો પડશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

કર્ક : કૌટુંબીજનોના સાથ સહકાર-પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

સિંહ : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

કન્યા : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

તુલા : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

ધન : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

મકર : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. આપના પ્રયાસોથી વ્યાપારને ટોચ પર પહોંચાવી શકશો.

કુંભ : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મીન : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

ચિરવિદાય

- સ્વ. કેશાજી કાળાજી ઠાકોર (ઉ.વ.૫૯) મુ. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર
- સ્વ. રાજેન્દ્રકુમાર બાલુસીંઘ સિતલ (ઉ.વ.૫૭) બ્લોક નં. ૫૪૮/૧, જ-કેટેગરી, સેક્ટર-૧૬, ગાંધીનગર
- સ્વ. મધીબેન રૂગનાથભાઈ સોલંકી (ઉ.વ.૮૦) પ્લોટ નં. ૩૫૫, ઈન્દિરાનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ.પૂંજાજી આલાજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ. હાલીસા, તા. દહેગામ, જી. ગાંધીનગર